નં.જે.૬૩/શિક્ષણ/P.M પ્રોષણ /વશી/૧૫૫/૨૦૨૪
જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, બનાસકાંઠા
પાલનપુર, તા. ૦૨/૦૬/૨૦૨૪

રા.-વ મળેલ અમલ થવા સારૂ.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ.
બનાસકાંઠા, પાલનપુર.

પ્રજેશકુમાર આર.રાણા
કમિશનર

કમિશનરશ્રી, પીએમ પોષણ યોજનાની કચેરી
ચોથો માળ, બી-વિંગ, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, સેકટર-૧૯
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૭
सत्यमेव जयते
Email Id- commissionermdm@gmail.com

ક્રમાંક:PMPY/અમલ/૨૦૨૪/4598-4692

તા. /૦૫/૨૦૨૪.
30 MAY 2024

પ્રતિ,
કલેકટરશ્રી,
જિલ્લા સેવા સદન,
તમામ જિલ્લા.

**વિષય** : તા. ૧૩/૬/૨૦૨૪થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં પી.એમ.પોષણ યોજનાના સુચારૂ અમલીકરણ માટેની પૂર્વ તૈયારી બાબત. (સુપોષિત ગુજરાત મિશન)

માનનીયશ્રી,

આપશ્રી સુવિદિત છો કે લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની કામગીરી સંપન્ન થયાના બીજા જ અઠવાડીયે તા.૧૩/૦૬/૨૦૨૪ના રોજ રાજ્યમાં નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫નો પ્રારંભ થશે. ખૂબ ઉત્સાહ પૂર્વક પ્રારંભ થનાર શૈક્ષણિક વર્ષની સાથે જ કેંદ્ર પુરસ્કૃત યોજના, પી.એમ.પોષણ યોજના હેઠળ શાળાઓમાં બપોરનું ભોજન આપવાનું પણ શરૂ કરવાનું થશે. નેશનલ ફૂડ સિક્યુરીટી એક્ટ-૨૦૧૩ ની કલમ-૭ હેઠળ રાજ્ય સરકારને આ યોજનાના અમલીકરણની જવાબદારી સોંપાયેલ છે. જીલ્લામાં પીએમ પોષણ યોજનાના સુચારૂ અમલીકરણ માટે નીચેના મુદ્દાઓ પરત્વે તાબા હેઠળના અધિકારીશ્રીઓને જરૂરી સૂચનાઓ આપવા અને સમિક્ષા થવા વિનંતી છે. જેથી સુપોષિત ગુજરાત મિશન હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્ય સરકારે મંજુર કરેલ નવી બાબતોના ચુસ્ત અમલીકરણથી જિલ્લામાં પીએમ પોષણ યોજના હેઠળ વિદ્યાર્થીઓને નિયમિત રીતે ગુણવત્તાયુક્ત બપોરનું ભોજન મળે.

**(૧) તાજા લીલા,શાકભાજી,મરીમસાલા અને દળામણ માટે વધારાની રકમ અને માનદવેતનધારકને ચૂકવવામાં આવતી પેશગી બાબત ( સુપોષિત ગુજરાત મિશન હેઠળની નવી બાબત ૨૦૨૪-૨૫) :-**

વર્ષ ૨૦૨૪-૨૫ માં સુપોષિત ગુજરાત મિશન હેઠળ રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓના ભોજનમાં ઋતુ પ્રમાણેના તાજાં લીલા શાકભાજીનો પર્યાપ્ત ઉપયોગ કરવામાં આવે, તથા સારી ગુણવત્તાવાળા મરી-મસાલાઓનો ઉપયોગ કરી બપોરનું પૌષ્ટિક ભોજન આપવામાં આવે તે હેતુથી રાજ્ય સરકારે ભારત સરકાર દ્વારા નિયત થયેલ રકમ ઉપરાંત નવી બાબત હેઠળ

શાકભાજી/મરી-મસાલા, ગેસ-બળતણ અને દળામણના ખર્ચની રકમમાં વધારો કરેલ છે. જે નીચે મુજબ છે.

| | | ધોરણ ૧ થી ૫ અને બાલવાટિકા (રૂ. માં) | ધોરણ ૬ થી ૮ | ચુકવણીની પધ્ધતિ |
|---|---|---|---|---|
| (૧) | કેંદ્ર અને રાજ્ય સરકારના ૬૦:૪૦ હિસ્સા મુજબની પેશગી | ૩.૧૬ | ૪.૭૨ | **PFMS સીસ્ટમમાં ચુકવણી** SNAમાંથી સંચાલકના બેંક એકાઉન્ટમાં જમા કરાવવા |
| (૨) | રાજ્ય સરકારના ૧૦૦% હિસ્સામાંથી ચુકવવાની થતી વધારાની પેશગી (નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫) | **૧.૩૪** | **૨.03** | **IFMS સીસ્ટમમાં ચુકવણી** તિજોરીમાં સંચાલકના બેંક એકાઉન્ટની વિગત સાથે બીલ દાખલ કરીને બેંક એકાઉન્ટમાં જમા કરાવવા |
| | કુલ એડવાન્સ પેશગી | **૪.૫૦** | **૬.૭૫** | |

- રાજ્ય સરકારના આશય મુજબ ગુણવત્તાયુક્ત બપોરનું ભોજન બાળકોને મળી રહે અને ગેરરીતીને કોઇ અવકાશ ન રહે તે હેતુથી SNA-PFMS SYSTEM પરની ( ભારત સરકાર દ્વારા નિયત થયેલ રકમ ) એડવાન્સ પેશગી અને સુપોષિત ગુજરાત મિશન હેઠળ ગુજરાત સરકાર દ્વારા નવી બાબત તરીકે મંજુર કરેલ શાકભાજી,મરીમસાલા,બળતણ અને દળામણ માટેની વધારાની IFMS SYSTEM પરની એડવાન્સ પેશગી એક સાથે ચૂકવવામાં આવે તે જરૂરી છે.
- પુરવઠા અધિકારીશ્રી/નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/મામલતદારશ્રી/નાયબ મામલતદારશ્રી/સુપરવાઇઝરની શાળા તપાસણી દરમિયાન વિદ્યાર્થીઓના ભોજનમાં લીલા શાકભાજીનો પર્યાપ્ત ઉપયોગ કરવામાં આવેલ છે કે કેમ તેની ખાસ ચકાસણી કરવી જરૂરી છે. મુખ્ય શિક્ષક અને શિક્ષકોએ પણ રોજે રોજ ભોજનની ગુણવત્તા પર દેખરેખ રાખવાની છે. વિદ્યાર્થીઓના ભોજન માટે આપેલ પેશગીનો યોગ્ય ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવું. અને ગેરરીતીના કિસ્સામાં અસરકારક પગલાં લેવાય તે જરૂરી છે.
- પેશગી ચૂકવાયેલ નથી કે મળેલ નથી તેવા બહાના હેઠળ ભોજનની ગુણવત્તા સાથે છૂટછાટ ન લેવામાં આવે તે માટે સમયસર પેશગી ચૂકવાય તે જરૂરી છે.
- સુપોષિત ગુજરાત મિશન હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫માં નવી બાબત હેઠળ ગુજરાત સરકાર દ્વારા શાકભાજી/મરી-મસાલા, ગેસ-બળતણ અને દળામણ માટે વધારાની રૂ. ૮૦ કરોડની જોગવાઇ કરેલ છે, જે લાભાર્થી સંખ્યા મુજબ ખર્ચ રૂ.૧૩૦ કરોડ સુધી થઇ શકે છે. આમ ખૂબ મોટી જોગવાઇ રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓને પુરતા લીલા શાકભાજી સાથેનું ગુણવત્તાયુક્ત ભોજન મળી રહે તે માટે કરેલ છે. જુદા જુદા જિલ્લાઓમાં પીએમ પોષણ યોજનાના થઇ રહેલ અમલીકરણની સમિક્ષા મા.મુખ્યમંત્રીશ્રીના કાર્યાલય, શિક્ષણ

સમિક્ષા કેન્દ્રના SMART ATTENDNCE Application પરથી મેળવવામાં આવે છે. આ દૈનિક ડેટા મેળવીને ભારત સરકાર AMS PORTAL પર મોકલવામાં આવે છે. સરેરાશ દરેક જિલ્લાની ૯૪% થી ૯૭% શાળાઓની દૈનિક લાભાર્થી વિગત મળે છે. પરંતુ ૧૦૦% શાળાઓની વિગત મળવી જરૂરી છે. આથી મામલતદારશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી મારફ્ત તમામ શાળાઓને સ્માર્ટ એટેન્ડન્સ એપ પર તા. ૧૩/૦૯/૨૦૨૪ થી જીલ્લાની ૧૦૦% શાળાઓ પીએમ પોષણના દૈનિક લાભાર્થીઓની વિગત અપલોડ કરવામાં આવે તેવી સૂચના જરૂરી છે. AMS પોર્ટલ સંબંધે નીચેના મુદ્દાઓ ધ્યાને લેવા જરૂરી છે.

- શાળામાં હાજર વિદ્યાર્થીઓ પૈકી મહત્તમ વિદ્યાર્થીઓ યોજનાનો લાભ લે તે માટે મુખ્ય શિક્ષક અને શિક્ષકોએ પ્રયત્નો કરવા, અને ભોજનની ગુણવત્તાનું નિયમન કરવું.
- SMART ATTENDNCE Application માં સવારના ૭ કલાકથી સાંજના ૪ કલાક સુધી ડેટા એન્ટ્રી થાય છે, માટે દરેક જિલ્લા/તાલુકા કક્ષાએથી AMS PORTAL દ્વારા મોનિટરીંગ કરી દરેક શાળા રીપોર્ટીંગ કરે તે સુનિશ્ચિત કરવું.
- SMART ATTENDNCE પર કાળજીપૂર્વક લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યાની એન્ટ્રી થાય તે જરૂરી છે. શાળાના કોઇ એક વર્ગ શિક્ષક દ્વારા જો ભૂલથી ખોટો વિકલ્પ પસંદ કરીને " Meal Not Serve" દર્શાવે તો બીજા કોઇ વર્ગ શિક્ષકની એન્ટ્રી થઇ શકતી નથી. આમ એક શિક્ષકની ભૂલના લીધે સમગ્ર શાળાનું રીપોર્ટીંગ થતું નથી.
- AMS પોર્ટલ પર "Meal Not Serve" ના જુદા-જુદા કરણો દર્શાવવામાં આવે છે. તે કારણોની દૈનિક સમિક્ષા કરી જરૂરી છે. જથ્થાનો અભાવ, માનદવેતનધારકની ગેરહાજરી, મટેરીયલ કોસ્ટ નથી જેવા જુદા-જુદા ૭ કારણો દર્શાવેલ હોય છે. તે કારણોની દૈનિક સમિક્ષા થઇ સંબંધિત શાળામાં બીજા જ દિવસથી ભોજન આપવાનું શરૂ થાય તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. નેશનલ ફૂડ સિક્યુરીટી એક્ટ – ૨૦૧૩ની જોગવાઇ આ મુજબ વિદ્યાર્થીઓને ભોજનના લાભથી વંચિત રાખી શકાતા નથી. ભારત સરકાર દ્વારા રીપોર્ટેડ શાળાઓની સંખ્યા અને લાભાર્થી / વિદ્યાર્થી સંખ્યા ઉપરાંત ભોજન નહિ અપાયાના - Meal not Served કારણોનું દૈનિક મોનિટરીંગ થાય છે.
- તાલુકા પ્રમાણે જ્યાં પણ લાભાર્થી-વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોય ત્યાં વધુ વિદ્યાર્થીઓ લાભ લે તેવા પ્રયત્નો કરવા તથા જે શાળામાં ભોજન નથી અપાયું તે શાળાઓમાં ભોજન આપવાનું તાત્કાલિક શરૂ થાય તે માટે જરૂરી સૂચના આપવી તથા કોઈ ક્ષતિથી Meal not Served Report થયેલ છે ત્યાં ક્ષતિ સુધારવી. પીએમ પોષણ યોજનાના જિલ્લા પ્રોજેક્ટ કોર્ડીનેટર દ્વારા કચેરી શરૂ થતાં જ સૌપ્રથમ AMS પોર્ટલ પરના Meal Serve રીપોર્ટની પ્રિન્ટ નકલ કલેકટરશ્રી અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રીને સમિક્ષા હેતુ મૂકવામાં આવે તે પ્રથાનો અમલ કરાવવો. જિલ્લાની ૧૦૦% શાળાઓનું દૈનિક રીપોર્ટીંગ થાય તે માટે સંબંધિત તમામને સૂચના આપવી.
- મામલતદારશ્રીએ કચેરીમાં ફરજ બજાવતાં પીએમ પોષણ યોજનાના ડેટા એંટ્રી ઓપરેટર પાસેથી AMS પોર્ટલનો Meal Serve રીપોર્ટની નકલ મેળવી રોજે રોજ સમિક્ષા કરવી અને શાળાઓને જરૂરી સૂચનાઓ આપવાની પ્રથા રાખવી. તથા કલેકટરશ્રીની અધ્યક્ષતામાં મળતી મામલતદારશ્રીઓ સાથે માસિક મીટીંગમાં AMS પોર્ટલના દિવસના Meal Serve Report ના આધારે સમિક્ષા થાય તો પણ યોજનાને લાભકારી થશે.

વિભાગના વિદ્યા સમિક્ષા કેંદ્ર તેમજ કેંદ્ર સરકાર દ્વારા કરવામાં આવી રહેલ છે. જેમાં નિયમિતતા અને ગુણવત્તાના આયામ સાંકળવામાં આવેલ છે. જેના અધારે જિલ્લઓના રેન્ક નિયત થનાર છે. આ બાબતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અસરકારક અમલીકરણની કાર્યવાહી કરવામાં આવે તે માટે સંબધિત તમામને સૂચના આપવા વિનંતી છે. તથા જીલ્લા કક્ષાની જેમ જ તાલુકામાં પણ મામલતદારશ્રી દ્વારા મીટીંગનું આયોજન થાય તે જરૂરી છે.

## (૨) સુખડી યોજના:- (સુખડી માટે અલગથી ૧૦ ગ્રામ તેલ અને ગોળ બળતણ ખર્ચની રકમમાં વધારો – નવી બાબત(૨૦૨૪-૨૫)

વર્ષ ૨૦૨૪-૨૫ માં સુપોષિત ગુજરાત મિશન હેઠળ ગુજરાત સરકાર દ્વારા વિદ્યાર્થીઓને અઠવાડીયામાં એકવાર ભોજન ઉપરાંત આપવામાં આવતી સુખડી માટે અલગથી વિદ્યાર્થીદીઠ ૧૦ ગ્રામ તેલ આપવા અને ગોળ તથા બળતણ ખર્ચની રકમમાં વધારો કરેલ છે. આ નવી બાબત નીચે મુજબ છે.

| ખાદ્ય પદાર્થ | જથ્થો ગ્રામમાં | | સુખડીની રકમમાં વધારો કરીને વિદ્યાર્થી દિઠ નવો નિયત દર (રૂપિયામાં) | | | |
|---|---|---|---|---|---|---|
| | બાલવાટીકાથી ધોરણ-૫ | ધોરણ ૬ થી ૮ | બાલવાટીકાથી ધોરણ-૫ | | ધોરણ ૬ થી ૮ | |
| | | | સંચાલક | NGO | સંચાલક | NGO |
| ઘઉં | ૨૦ | ૨૫ | - | - | - | - |
| ગોળ | ૧૫ | ૨૦ | ૦.૯૦ | ૦.૯૦ | ૧.૨૦ | ૧.૨૦ |
| તેલ | ૧૦ | ૧૦ | - | ૧.૧૩ | - | ૧.૧૩ |
| બળતણ | - | - | ૦.૨૮ | ૦ | ૦.૪૦ | ૦ |
| કુલ | ૪૫ | ૫૫ | ૧.૧૮ | ૨.03 | ૧.૬૦ | ૨.33 |

અગાઉની ચાલુ બાબત ઉપરાંત નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં નવી બાબત હેઠળ રૂ. ૧૪ કરોડ વધારાના મંજુર કરેલ છે તેથી ભોજન ઉપરાંત અઠવાડીયામાં એકવાર ગુણવત્તાયુક્ત સુખડી બાળકોને મળી રહે તે માટે સંબધિતોને સૂચના આપવા વિનંતી છે.

વધુમાં સુખડી માટે પણ એડવાન્સ પેશગી સમયસર ચૂકવવાની હોય છે.

## (3) AMS-MIS PORTAL બાબત:-

સમગ્ર દેશમાં પ્રથમ ગુજરાત રાજ્યમાં પીએમ પોષણ યોજનાનું વિદ્યા સમિક્ષા કેન્દ્ર-VSK સાથે ઇન્ટ્રીગેશન કરવામાં આવેલ છે. પીએમ પોષણ યોજનાના દૈનિક લાભાર્થીઓની વિગત વિદ્યા

## MIS પોર્ટલના માસિક પત્રકો:-

આગામી ભારત સરકારના પ્લાન એપ્રુવલ બોર્ડ (PAB) PAB 2025-26 ની દરખાસ્ત MIS પોર્ટલ પરના માસિક પત્રકોને આધારે થનાર છે. ભારત સરકાર દ્વારા અનાજ (ઘઉ/ચોખા) અને કેંદ્રીય સહાય મંજુર કરનાર હોઇ, દરેક શાળાની MIS પોર્ટલ પરની વિગતો સાચી અને ચોક્સાઇપૂર્વક ભરવામાં આવે તે જરૂરી છે.

- MIS પોર્ટલ પર દરેક શાળાની વિગત જેવી કે ડાયસકોડ, શાળાનું નામ, નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા, વર્ગોની સંખ્યા, મુખ્ય શિક્ષક અને માનદવેતનધારકોની વિગતો હોય છે. તેમજ દર માસના અંતે જથ્થો, મટેરીયલ કોસ્ટનો વપરાશ, બચતની વિગતો, લાભાર્થીની સંખ્યા જેવી વિગત હોય છે. દર માસે નમૂનાના વેબપેજ પર મુખ્ય શિક્ષકની સહી સિક્કા અને સંચાલક કમ કુકની સહી સાથે વિગતો મેળવવામાં આવે છે. જેની MIS મામલતદાર કચેરીમાં આ કામગીરી માટે રોકેલ ડેટા એન્ટ્રી ઓપરેટર દ્વારા પોર્ટલ પર એંટ્રી કરવામાં આવે છે.
- ભારત સરકારની સૂચના મુજબ જે તે મહિનાની MIS પોર્ટલ પરની ડેટા એન્ટ્રી બીજા **મહિનાની ૧૦ તારીખ સુધી જ થઇ શકશે. ૧૦ તારીખ પછી ડેટા એન્ટ્રી થઇ શકશે નહી,** MIS પોર્ટલ લોક થઇ જશે. આથી મામલતદાર કચેરી દ્વારા તા.૧ થી ૫ વચ્ચે જ તમામ શાળાઓના મુખ્ય શિક્ષકની સહી-સિક્કા સાથે MIS પોર્ટલ માટેનું વેબપેજ મેળવી લેવામાં આવે તે જરૂરી છે. આથી **દર માસની તા.૧ થી ૫ દરમિયાન જ તમામ સંચાલક કમ કુકની સાથે માસિક મીટીંગ થાય** અને તમામ હિસાબો મેળવી લેવામાં આવે તે જરૂરી છે. મામલતદાર કચેરીમાં MIS પોર્ટલ પરની ડેટા એન્ટ્રી સમયસર થાય તે કામગીરી માટે જ એક ડેટા એંટ્રી ઓપરેટરની જગ્યા મંજુર કરવામાં આવેલ છે.
- MIS પોર્ટલ પર વાર્ષિક અને માસિક ડેટા એન્ટ્રી ઉપરાંત હેલ્થ ચેકઅપ, ડીબીટી, ફૂડ ગ્રેઇન, ફંડ, વિદ્યાર્થીઓના આધારે એનરોલમેન્ટ વગેરે જેવી અન્ય ડેટા એન્ટ્રી પણ જિલ્લા/તાલુકા કક્ષાએથી સમયસર થાય તે સુનિશ્ચિત કરવું.
- MIS પોર્ટલ પરના માસિક પત્રકોના આધારે જ આગામી વર્ષમાં ભારત સરકાર દ્વારા અનાજ અને સહાય મંજુર થનાર હોઇ આ કામગીરી કાળજીપૂર્વક સમયમર્યાદામાં થવી જરૂરી છે.

આમ આગામી તા.૧૩/૦૬/૨૦૨૪થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં સુપોષિત ગુજરાત મિશન હેઠળ ગુજરાત સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ નવી બાબતો હેઠળની નાણાંકીય જોગવાઇઓથી જિલ્લામાં પીએમ પોષણ યોજના હેઠળ વિદ્યાર્થીઓને બપોરનું ભોજન ગુણવત્તાયુક્ત નિયમિત મળે અને કેન્દ્ર પુરસ્કૃત યોજના માટેના ભારત સરકારના AMS પોર્ટલ પર દૈનિક લાભાર્થીઓની વિગત અને MIS પોર્ટલ પર માસિક પત્રકોની વિગતો જિલ્લાની ૧૦૦% શાળાઓની ચોક્સાઇ પૂર્વક મળે તે માટે જરૂરી સૂચનાઓ આપવા તથા આગામી સમયમાં રાજ્યના જિલ્લાઓનું પીએમ પોષણ યોજનાના અમલીકરણમાં નિયમિતતા અને ગુણવત્તાના આયામોને સાંકળી રેન્કીંગ નિયત થનાર હોઇ આપના જીલ્લામાં યોજનાના અમલીકરણ નિયમિત

સમિક્ષા થવા તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/મામલતદારશ્રી/નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને જરૂરી સૂચનાઓ આપવા નમ્ર વિનંતી છે.

30/5/2024

કમિશનર
પીએમ પોષણ યોજના
ગુ.રા, ગાંધીનગર

**નકલ રવાના જરૂરી કાર્યવાહી સારૂ:-**

- નાયબ કલેકટરશ્રી, પીએમ પોષણ યોજના, તમામ કોર્પોરેશન.
- જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, પીએમ પોષણ યોજના, તમામ જિલ્લા.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ જિલ્લા.